**:: આંક–૦૧ લગત હુકમ ::**

(૧) સદર કામે અરજી તથા તમામ કેસ પેપર્સ વંચાણે લીધા તથા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યા. આ કામે આરોપીઓ સામે એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબના ગુન્હાનો આરોપ છે.

(૨) સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ દલીલ કરેલ છે કે, હાલના કામે આરોપી સામે એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબનો ગંભીર પ્રકારનો ગુન્હાનો આરોપ છે. ચાર્જશીટ વંચાણે લેતા એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબ ગુનો બનતો હોય તેવા તમામ તત્વો આરોપી સામે બની આવે છે. તેમજ હાલના કામે ગુનાના તત્વો બનતા હોય. જેથી ટ્રાયલ ચલાવવી એ ન્યાયના હીતમાં જણાય આવે છે. તેમજ ચાર્જશીટ વંચાણે લેતા ગુનાની ટ્રાયલ ચલાવવા લાયક પુરતો પુરાવો બની આવતો હોય જેથી પણ હાલના કામે ટ્રાયલ ચલાવવી એ યોગ્ય અને કાયદા મુજબની જણાય આવતી હોય જેથી આરોપીને ડીસ્ચાર્જ કરવો અયોગ્ય જણાતો હોય. જેથી આરોપીને ડિસ્ચાર્જ ન કરવા અરજ છે.

(૩) હાલના કામે ડીસ્ચાર્જ સબંધે નામ. સર્વોચ્ચ અદાલતે યોગેશ ઉર્ફે સચીન જગદીશ જોષી વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૦૮(૧૦) એ.સી.સી. ૩૯૪ મુજબના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, "The decision to discharge an accused is to be based on consideration whether prosecution has made out a case for trial and not on consideration whether trial will and in conviction." ઉપરોકત સિધ્ધાંતને હાલના કેસની હકીકતો સંદર્ભે ધ્યાને લઈએ તો હાલના કેસની હકીકતોમાં કયાંય પણ આરોપી વિરૂધ્ધ એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબના તત્વો બનતા હોય તેવુ પ્રથમ દર્શનીય રીતે પણ જણાય આવતુ નથી તેમ છતાં આરોપી વિરૂધ્ધ એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબના ગુનાની તહોમત ચાર્જશીટ કરતા સમયે મુકવામાં આવેલ છે. જેથી હાલનો કેસ આરોપીને એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબ ડીસ્ચાર્જ કરવા માટે યોગ્ય હોય તેવુ અત્રેની અદાલતનું વિનમ્રપણે માનવુ છે. ઉપરોકત તમામ હકીકતો તેમજ કાયદાને ધ્યાને લઈ ન્યાયના હીતમાં સી.આર.પી.સી. કલમ–૨૩૯ હેઠળની ડીસ્ચાર્જ અંગેની સત્તાનો ઉપયોગ કરવો હાલના કામે ન્યાયોચીત જણાય આવતો હોય. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(૧)** આથી, હાલના કામના આરોપી **જેરામભાઈ ભાનુભાઈ ઝાપડીયા** ને એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબ બીનતહોમત છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપી સામે એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબનો કેસ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૨૨ મી, માહે–જુન, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

રાજકોટ.
તા.૨૨/૦૬/૨૦૨૪

**(જે.એમ.સોલંકી)**
૧૪ મા એડી. ચીફ જયુ.મેજી.,
રાજકોટ. (GJ01157)